# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ



નં. યુડીએ/મિટિંગ/૧૯૨/૨૦૨૦
વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,
"વુડા ભવન", કારેલીબાગ, વડોદરા.
તા. ૦૭/૦૫/૨૦૨૦

પ્રતિ,

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>મ્યુનિસિપલ કોર્પોરેશન,વડોદરા | : | સભ્યશ્રી |
| (૩) | પ્રમુખશ્રી<br>જીલ્લા પંચાયત, વડોદરા.. | : | સભ્યશ્રી |
| (૪) | અધિક મુખ્ય સચિવશ્રી<br>શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,<br>સચિવાલય, ગાંધીનગર. | : | સભ્યશ્રી |
| (૫) | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | : | સભ્યશ્રી |
| (૬) | કલેકટરશ્રી<br>વડોદરા. | : | સભ્યશ્રી |
| (૭) | પ્રાદેશિક કમિશ્નરશ્રી<br>નગર પાલિકાઓની કચેરી,વુડા સર્કલ,વડોદરા. | : | સભ્યશ્રી |
| (૮) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | : | સભ્યશ્રી |
| (૯) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિ.કોર્પો., વડોદરા. | : | સભ્યશ્રી |
| (૧૦) | જીલ્લા વિકાસ અધિકારીશ્રી<br>વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા. | : | આમંત્રીત સભ્યશ્રી |
| (૧૧) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | સભ્ય - સચિવશ્રી |

શ્રીમાન,

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૫/૦૫/૨૦૨૦ ને મંગળવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ૨૪૩ મી મળેલ બોર્ડ બેઠક નં.૨૪૩ ની કાર્યવાહી નોંધ પાન નં.૧ થી ૨૧ આ સાથે સામેલ છે. જેની જાણ થવા વિનંતી છે

આપનો વિશ્વાસુ

(એ.બી.પટેલ)
સભ્ય - સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

CS Scanned with CamScanner

# બોર્ડ બેઠક નં.૨૪૩

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૫/૦૫/૨૦૨૦ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે મળેલ ૨૪૩ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા.<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>મ્યુનિસિપલ કોર્પોરેશન,વડોદરા | સભ્યશ્રી |
| (3) | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન,<br>વડોદરા. | સભ્યશ્રી |
| (૪) | મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય,ગાંધીનગર.ના<br>પ્રતિનિધિ નગર નિયોજક,વુડા વડોદરા. | સભ્યશ્રી |
| (૫) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિ.કોર્પો., વડોદરા | સભ્યશ્રી |
| (૬) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | સભ્ય<br>વ<br>સચિવશ્રી |

આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૧ થી ૧૦ તથા અધ્યક્ષ સ્થાનેથી મુધ્દા નં.૧ મુજબ નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુદા નંબર: (૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૨/૨૦૨૦ ની ૨૪૨ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૨/૨૦૨૦ ની ૨૪૨ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મીટીંગ/૯૮/૨૦૨૦, તા.૧૭/૦૨/૨૦૨૦ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ કરેલ છે.

ઠરાવક્રમાંક (૨૬૮૦) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૨/૨૦૨૦ ની ૨૪૨ મી બેઠકની કાર્યવાહી ને સર્વાનુમતે બહાલી આપવા બાબત.

મુદા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૮/૧૧/૨૦૧૯ ની ૨૪૧ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૮/૧૧/૨૦૧૯ ની ૨૪૧ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ કરેલ છે.

ઠરાવક્રમાંક (૨૬૮૧) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૨/૨૦૨૦ ની ૨૪૨ મી બેઠકમાં થયેલ ઠરાવની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદા નંબર:(3) મોજે ગોત્રીના રે.સ.નં.૪૭/૨ ની ૪૪૫૨ ચો.મી. વાળી સંપાદન કરેલ જમીનના વધુ વળતરની રકમ મુળ જમીન માલીકને ચૂકવવા બાબત.

મોજે ગોત્રીના રે.સ.નં.૪૭/૨ ની ૪૪૫૨ ચો.મી.વાળી સંપાદન કરેલ જમીનો વુડાની પ્રથમ વિકાસ યોજનામાં લેન્ડ ડેવલપમેન્ટ સ્કીમના હેતુ માટે અનામત રાખેલ હતી. તે જમીનો જમીન સંપાદન ધારા હેઠળ સંપાદન કરી તા.૧૬/૦૮/૧૯૯૪ થી કબજો વુડાને સુપ્રત્ર કરવામાં આવેલ છે. તે જમીનો જેના મૂળ માલીક મૈયત અમરચંદ કપુરચંદના વારસદારો વિનોદચંદ્ર અમરચંદ કપુર અને અન્યએ વધુ વળતર લેવાના કામે નામદાર વડોદરાના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજની કોર્ટમાં લેન્ડ રેફરન્સ નં.૧૩૨૩/૯૫ થી દાવો દાખલ કરેલ હતો. જેનો ચુકાદો તા.૨૪/૦૭/૨૦૧૯ થી વાદીની તરફેણમાં આવેલ છે. જે પરત્વે ના.સીવીલ કોર્ટના તા.૨૪/૦૭/૨૦૧૯ ના ચુકાદાને ધ્યાને લઇ સદર ચુકાદા સામે અત્રેથી નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ફસ્ટ અપીલ નં.૮૦૭/૨૦૨૦ તથા સી.એ.નં.૧/૨૦૨૦ થી અપીલ દાખલ કરતા નામદાર ગુજરાત હાઇકોર્ટના તા.૨૬/૦૨/૨૦૨૦ ના ઓરલ ઓર્ડરથી નામદાર સીવીલ કોર્ટના તા.૨૪/૦૭/૨૦૧૯ ના એવોર્ડ મુજબ વધુ વળતરના તફાવતની રકમ તા.૨૦/૦૪/૨૦૨૦ સુધી જમા કરાવવાની મુદત આપી અપીલ દાખલ કરેલ છે. જે અંગે નામદાર સીવીલકોર્ટમાં દરખાસ્ત વાદીએ દરખાસ્ત.નં.૫૨, તા.૦૪/૧૦/૨૦૧૯ થી દાખલ કરેલ તેની સાથે રજુ કરેલ વળતર ચુકવવા વુડાની પેનલના એડવોકેટશ્રી હેમંત મુન્શોએ તેમના તા.૧૮/૦૨/૨૦૨૦ ના પત્રથી તથા સરકારી વકીલશ્રી એ આપેલ અભિપ્રાય અંગે ખાસ જમીન સંપાદન અધિકારી ધ્વારા તેમના તા.૧૮/૧૦/૨૦૧૯ ના પત્રની વિગતે ચૂકવવાની થતી વળતરના તફાવતની રકમ રૂ.૩૫,૩૪,૮૮૮/- તથા ૧૨% વધારો તેમજ તેના પર ૩૦% સોલેસન અને પ્રથમ વર્ષના ૯% લેખે વ્યાજ તેમજ ત્યાર પછીના ૧૫% લેખે વ્યાજની રકમ તથા વળતર સહિતની તમામ રકમ મળી કુલ રૂા.૨,૬૦,૯૭,૮૧૩/- નામદાર ગુજરાત હાઇકોર્ટના ઓરલ ઓર્ડર પરત્વે કોર્ટમાં જમા કરાવવાના થતા હોવાથી, અત્રેથી નામદાર ગુજરાત હાઇકોર્ટના ઓરલ ઓર્ડર મુજબ વધુ વળતરના એવોર્ડની રકમ રૂા.૨,૬૦,૯૭,૮૧૩/- માન.વડોદરાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં તા.૨૦/૦૪/૨૦૨૦ પહેલાં જમા કરાવવાના થાય છે. જે અંગે વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા કરવા મુદો સાદર રજુ કરેલ છે.

<u>ઠરાવક્રમાંક (૨૬૮૨) :</u> મોજે ગોત્રીના રે.સ.નં.૪૭/૨ ની ૪૪૫૨ ચો.મી.ની જમીનોનું વધુ વળતર મેળવવા અંગે નામદાર વડોદરાના પ્રિન્સિપલ સિનીયર જજની કાર્ટમાં લેન્ડ રેફરન્સ નં. ૧૩૨૩/૧૯૯૫ થી દાવો દાખલ કરેલ હતો. જેનો ચુકાદો તા.૨૪/૦૩/૨૦૧૯ થી વાદીની તરફેણમાં આવેલ છે. જે પરત્વે ના.સીવીલકોર્ટના તા.૨૪/૦૭/૨૦૧૯ ના ચુકાદાને ધ્યાને લઇ સદર ચુકાદા સામે અત્રેથી ના.ગુજરાત હાઇકોર્ટમાં ફસ્ટ અપીલ નં. ૮૦૭/૨૦૨૦ તથા સી.એ.નં. ૧/૨૦૨૦ થી અપીલ દાખલ કરતા ના.ગુજરાત હાઇકોર્ટના તા.૨૬/૦૨/૨૦૨૦ ના ઓરલ ઓર્ડર પરત્વે વધુ વળતરના એવોર્ડની રકમ રૂા.૨,૬૦,૯૭,૮૧૩/- માન.વડોદરાના પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં જમા કરાવવાની થયેલ કાર્યવાહીને બહાલી આપવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દાનં. (૪) મોજે સેવાસી,ખાનપુર,અંકોડીયા, મહાપુરા, ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૪/એ તથા મોજે ભાયલી,ગોકળપુરા,રાયપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૪/બી અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે સેવાસી,ખાનપુર,અંકોડીયા, મહાપુરા, ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૪/એ તથા મોજે ભાયલી,ગોકળપુરા,રાયપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૪/બી ગામોના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા.૨૩/૦૮/૨૦૧૮ ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા.૧૮/૦૨/૨૦૧૯ ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪/એ તથા નં.૨૪/બી તૈયાર કરવાના કામે વુડાની તા.૨૧/૦૨/૨૦૧૯ ની બોર્ડ બેઠક નં.૨૩૯ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૫૨૮ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા.૨૧/૦૨/૨૦૧૯ ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા.૨૮/૦૨/૨૦૧૯ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં.૬૪-૬૫ ઉપર (૨૪/એ) તથા પાના નં. ૬૬-૬૭ ઉપર (૨૪/બી) કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૬/૦૩/૨૦૧૯ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ પંડિત દિનદયાળ ઉપાદ્યાય નગરગૃહ, આજવા ખાતે તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં "જાહેર નોટીસ" પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઓનર્સ મીટીંગ બાદ મળેલ વાંધા સુચનો અન્વયે અધિનિયમની જોગવાઈઓ અનુસાર નિર્ણય લઈએ, લેવાયેલ નિર્ણયોની વિગતો તા. ૦૬/૦૨/૨૦૨૦ ની બોર્ડ્ બેઠકમાં રજુ કરી, ત્યારબાદ અધિનિયમની કલમ-૪૨ તથા નિયમ-૧૮ હેઠળ પ્રસિધ્ધ કરેલ છે તે મુસદ્દા પરત્વે વાંધા સુચનો મેળવવા અંગે અધિસુચન સરકારી રાજય પત્રમાં, સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં તથા જાહેર સ્થળોએ, સંબંધિત કચેરીઓમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અધિનિયમની-૧૯૭૬ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૧૪/૦૨/૨૦૨૦ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમય ગાળામાં નગર રચના યોજના ૨૪/એ ના કુલ <u>૨૨૧</u> તથા નગર રચના યોજના ૨૪/બી ના કુલ <u>૧૩૩</u> વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ નગર રચના યોજના ૨૪/એ તથા નગર રચના યોજના ૨૪/બી મળી કુલ <u>૩૫૪</u> વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોનો સમાવેશ કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

<u>ઠરાવ ક્રમાંક ( ૨૬૮૩):</u> મોજે સેવાસી,ખાનપુર,અંકોડીયા, મહાપુરા, ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૪/એ તથા મોજે ભાયલી,ગોકળપુરા,રાયપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૪/બી નો મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા.૧૪-૦૨-૨૦૨૦ થી એક માસની સમય મર્યાદામાં સુચિત નગર રચના યોજના નં.૨૪/એ માં કુલ – ૨૨૧ અરજી તથા સુચિત નગર રચના યોજના નં.૨૪/બી માં કુલ–૧૩૩ અરજી મળી કુલ ૩૫૪ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની રજુઆતો પૈકી કુલ-૧૮૫ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની ૧૬૯ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ડી.પી. રોડના રસ્તા રેષાઓમાં સુચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થીત કરવા કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યુ. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી

વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

મુદા નંબર: (૫) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૧૯-૨૦૨૦ના નાણાંકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૦-૨૦૨૧ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૧૯-૨૦૨૦ના નાણાંકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૦-૨૦૨૧ ના અંદાજપત્રને આ સાથે સામેલ રાખેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજુ કરેલ છે.

ઠરાવ ક્રમાંક (૨૬૮૪) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૦-૨૧ના અંદાજપત્ર, બોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવેલ. આ અંદાજપત્ર ૩૧ માર્ચ ૨૦૨૦ ની નિર્ધારીત બોર્ડ બેઠકને ધ્યાને લઈ બનાવવામાં આવેલ. જે બોર્ડ બેઠક વૈશ્વિક કોરોના મહામારીને સંદર્ભિત લોકડાઉન ને લીધે મુલત્વી રાખેલ. આથી બોર્ડના ચેરમેનશ્રી અને સભ્યોશ્રીનુ સુચન થયુ કે વર્તમાન પરસ્થિતિને ધ્યાને લેતા વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજીતપત્રને સુચિત (૩0%) કાપ સાથે પુન: સુધારણા સાથે માન્ય રાખી શકાય. સર્વે સભ્યોના મતને અનુસરી મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સને-૨૦૨૦-૨૧ નુ રિવાઈઝ અંદાજપત્ર (સુચિત ૩0% કાપ (આવક/ખર્ચ બન્ને)) બોર્ડ બેઠકમાં રજુ કર્યુ. જેને સર્વે સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી. આથી સર્વાનુમતે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના સુધારેલ અંદાજપત્ર અને નાણીકીય વર્ષ ૨૦૨૦-૨૧ના (અંદાજે ૩0% કાપ સાથે સુધારેલ) અંદાજપત્રને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

## Vadodara Urban Development Authority
## Revised Budget For the Year 2019-20 & Budget for the Year 2020-21

**Statement Showing Abstract of Total Balance** **(Rs. In Lakh)**

| No | Head | Actual 2018-19 | Budgeted 2019-20 | Actual as on 31/12/2019 | Revised 2019-20 | Budget 2020-21 |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| **1** | **Opening Balance (A)** | **40897.19** | **44563.00** | **41367.66** | **41367.66** | **51908.53** |
| **2** | Income | | | | | |
| | Capital Income | 8967.17 | 23287.35 | 16162.29 | 17489.04 | 18322.00 |
| | Revenue Income | 5601.47 | 8846.85 | 5425.83 | 7325.55 | 7038.06 |
| | Deposits | 805.58 | 1431.10 | 1427.08 | 2022.00 | 2473.00 |
| | **Total (B)** | **15374.21** | **33565.30** | **23015.20** | **26836.59** | **27833.06** |
| | **Total (A) + (B) = (C )** | **56271.40** | **78128.30** | **64382.86** | **68204.25** | **79741.59** |
| **3** | Expenses | | | | | |
| | Capital Expenses | 12535.04 | 31451.76 | 9494.67 | 14122.98 | 31323.00 |
| | Revenue Expenses | 920.84 | 1857.01 | 688.53 | 982.74 | 1150.35 |
| | Refund of Deposits | 549.56 | 510.60 | 615.04 | 1190.00 | 1565.00 |
| | **Total (D)** | **14005.44** | **33819.37** | **10798.24** | **16295.72** | **34038.35** |
| | | | | | | |
| **4** | **Closing Balance (C ) - (D) = (F)** | **42265.97** | **44308.93** | **53584.62** | **51908.53** | **45703.24** |

## Capital Income

(Rs. In Lakh)

| No | Head | Branch | Actual 2018-19 | Budgeted 2019-20 | Actual as on 31/12/2019 | Revised 2019-20 | Budget 2020-21 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | Amenities Fees (Non TP Scheme ares) Liable to be adjusted towards net demand as per final TP scheme Form-F | Planning | 2964.64 | 3460.00 | 1777.78 | 2100.00 | 2000.00 |
| 2 | Net Demand as per Form-F of Sanctioned or Submitted/Draft/Final TP Scheme (Betterment Charge) | | 212.90 | 170.70 | 124.23 | 170.00 | 150.00 |
| 3 | Development Charge in VMC Area | | 156.50 | 109.25 | 286.76 | 300.00 | 250.00 |
| 4 | Development Charge in VUDA Area | | 371.38 | 265.30 | 325.15 | 350.00 | 250.00 |
| | | **Total (A)** | **3705.42** | **4005.25** | **2513.93** | **2920.00** | **2650.00** |
| 5 | Grant from Government-PMAY | Engineering | 2436.13 | 4800.00 | 6355.24 | 6500.00 | 4000.00 |
| 6 | Grant from Government | | 286.88 | 1000.00 | 599.69 | 700.00 | 1000.00 |
| 7 | Receive from EWS | | 188.10 | 5000.00 | 6326.03 | 7000.00 | 6000.00 |
| 8 | Drinking Water Connection Charge | | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 40.00 |
| 9 | Drainge Connection Charges | | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 120.00 |
| | | **Total (B)** | **2911.11** | **10800.00** | **13280.96** | **14200.00** | **11160.00** |
| 10 | Sale of Plot (Land) | Administration | 2029.81 | 6670.00 | 358.38 | 358.38 | 3000.00 |
| 11 | Sale of Shop | | 287.89 | 280.00 | 0.00 | 0.00 | 500.00 |
| 12 | Sale of Other Assets | | 0.00 | 10.00 | 0.00 | 0.00 | 1.00 |
| 13 | Gotri, Madhavnagar-Keshavnagar Installment | | 32.95 | 40.00 | 9.01 | 10.66 | 10.00 |
| 14 | Sale of PPP Flat | | 0.00 | 1482.00 | 0.00 | 0.00 | 1000.00 |
| | | **Total (C )** | **2350.64** | **8482.00** | **367.40** | **369.04** | **4511.00** |
| 15 | Miscellaneous Income | All | 0.00 | 0.10 | 0.00 | 0.00 | 1.00 |
| | | **Total (D)** | **0.00** | **0.10** | **0.00** | **0.00** | **1.00** |
| | | **Total (A+B+C+D)** | **8967.17** | **23287.35** | **16162.29** | **17489.04** | **18322.00** |

## Revenue Income

(Rs. In Lakh)

| No | Head | Branch | Actual 2018-19 | Budgeted 2019-20 | Actual as on 31/12/2019 | Revised 2019-20 | Budget 2020-21 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | Premium / Payment FSI Fess | Planning | 3034.87 | 3462.00 | 2414.92 | 2600.00 | 2500.00 |
| 2 | Payment FSI Fess for affordable housing project as per schedule-8 of CGDCR(s) | | 0.00 | 75.00 | 0.00 | 0.00 | 75.00 |
| 3 | Premium / Payment FSI (GAM TAL EXTENTION) | | 0.00 | 0.00 | 0.00 | 2.00 | 20.00 |
| 4 | Revalidation/Renewal Fees for Development Permission | | 30.82 | 56.50 | 11.40 | 12.00 | 15.00 |
| 5 | DP/TP Part plan Fees and True Copy Fees of sanction plan/ Whole Plan | | 20.43 | 13.82 | 11.43 | 12.00 | 12.00 |
| 6 | Scrutiny Fees of Development Permission and Verification Fee | | 798.06 | 1061.30 | 203.81 | 225.00 | 200.00 |
| 7 | Zoning Certificate Fee | | 17.18 | 20.40 | 9.99 | 10.20 | 12.00 |
| 8 | Form-F/Form-B Fee | | 5.50 | 3.70 | 2.96 | 3.05 | 2.50 |
| 9 | Plinth Check Certificate Scrutiny Fees | | 0.00 | 4.00 | 9.41 | 10.00 | 12.00 |
| 10 | Occupancy Certificate Scrutiny Fees | | 0.00 | 20.00 | 72.36 | 75.00 | 70.00 |
| 11 | Architect, Engineer, Structure Engineer Registration, Renewal Fee | | 8.71 | 4.00 | 2.16 | 2.20 | 3.00 |
| 12 | Labour Cess Fees | | 357.76 | 350.00 | 125.18 | 130.00 | 150.00 |
| 13 | Measurement fees | | 0.00 | 0.00 | 0.00 | 0.01 | 1.00 |
| 14 | Mobile Tower Fees | | 0.00 | 0.00 | 3.15 | 3.15 | 4.00 |
| 15 | Plot Sub Division / Amalgamation Fees | | 9.28 | 6.00 | 11.95 | 12.00 | 10.00 |
| 16 | Penalised Sub Division / Amalgamation Fees | | 0.00 | 0.15 | 0.00 | 0.00 | 1.00 |
| 17 | Regular Intrest Income towards sanctioned installments of Net Demand / Amenities Fees | | 178.76 | 200.00 | 201.66 | 205.00 | 150.00 |
| 18 | Penalised Intrest towards returned Cheque | | 0.00 | 15.00 | 0.00 | 20.00 | 30.00 |
| 19 | Bank Charges towards returned Cheque | | 0.03 | 0.05 | 0.04 | 0.05 | 0.05 |
| 20 | Penalised Scrutiny Fees for Development Permission (UAD Fees) | | 45.73 | 7.00 | 14.24 | 15.00 | 15.00 |
| 21 | Consultancy Fees | | 0.05 | 0.07 | 0.01 | 0.01 | 0.01 |
| 22 | Change of Use Fees | | 0.00 | 0.05 | 0.00 | 0.00 | 0.01 |
| 23 | Other Administrative Charges | | 0.00 | 1.00 | 0.00 | 0.00 | 0.01 |
| 24 | TP scheme unit staff ependiture recovery from state govt. as Grant in aid to ULB's | | 0.00 | 70.00 | 0.00 | 0.00 | 30.00 |
| 25 | Deposite Forfited-Plot validation fees | | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.01 |
| | | **Total (A)** | **4507.16** | **5370.04** | **3094.66** | **3336.67** | **3312.59** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 26 | Tender Fee | Engineering | 3.65 | 20 | 5.85 | 8.00 | 10.00 |
| 27 | Sale of PMAY Form Fee | | 14.45 | 5 | 6.98 | 12.00 | 10.00 |
| 28 | Deposite Forfited-EWS/LIG | | 1.59 | 20 | 29.21 | 35.00 | 30.00 |
| 29 | Drinking Water Annual Charge | | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 40.00 |
| 30 | Drainge Annual Charge | | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 180.00 |
| | | **Total (B)** | **19.69** | **45.00** | **42.04** | **55.00** | **270.00** |
| 29 | Profit on Sales of Assets | Administration | 0.00 | 10 | 0.00 | 0.00 | 1.00 |
| 30 | Intrest | | 0.00 | 10 | 8.32 | 8.32 | 5.00 |
| 31 | Income of Rent | | 16.86 | 7.49 | 36.40 | 40.00 | 80.00 |
| 32 | Deposite Forfited-Plot, Land, Shop | | 0.00 | 10 | 0.00 | 0.00 | 1.00 |
| 33 | R.T.I. Fees | | 0.37 | 0.25 | 0.23 | 0.25 | 0.25 |
| 34 | FORM FEES ( MGY / MKRS) | | 1.64 | 0 | 0.08 | 0.08 | 1.00 |
| | | **Total (c )** | **18.87** | **37.74** | **45.03** | **48.65** | **88.25** |
| 35 | Intrest form GSFS | Account | 941.20 | 3339.02 | 2043.29 | 3568.15 | 3166.22 |
| 36 | Saving Bank Account Intrest | | 58.61 | 10 | 152.46 | 250.00 | 150.00 |
| 37 | FFD Intrest | | 33.16 | 35.05 | 47.81 | 66.53 | 50.00 |
| | | **Total (D)** | **1032.97** | **3384.07** | **2243.55** | **3884.68** | **3366.22** |
| 38 | Miscellaneous Income | All | 22.77 | 10 | 0.55 | 0.55 | 1.00 |
| | | **Total (E)** | **22.77** | **10.00** | **0.55** | **0.55** | **1.00** |
| | | **Total (A+B+C+D+E)** | **5601.47** | **8846.85** | **5425.83** | **7325.55** | **7038.06** |

## Deposites

(Rs. In Lakh)

| No | Head | Branch | Actual 2018-19 | Budgeted 2019-20 | Actual as on 31/12/2019 | Revised 2019-20 | Budget 2020-21 |
|---|---|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** |
| 1 | Tree Plantation Deposite | Planing | 38.73 | 36 | 23.22 | 24.00 | 20.00 |
| 2 | Plot Validation Fees | | 0.00 | 0.00 | 0.00 | 10.00 | 40.00 |
| | | **Total (A)** | **38.73** | **36.00** | **23.22** | **34.00** | **60.00** |
| 3 | Earnest Money Deposite | Engineering | 15.78 | 300.00 | 158.06 | 200.00 | 300.00 |
| 4 | EWS Deposite | | 4.28 | 315.00 | 5.10 | 8.00 | 1.00 |
| 5 | PMAY Deposite | | 16.28 | 350.00 | 798.00 | 1200.00 | 1500.00 |
| 6 | LIG Deposite | | 10.40 | 10.00 | 22.20 | 25.00 | 1.00 |
| 7 | Performance Guarantee | | 389.50 | 300.00 | 228.89 | 300.00 | 300.00 |
| 8 | Maintenance Deposite | | 35.60 | 10.00 | 40.45 | 50.00 | 100.00 |
| 9 | Other Deposite | | 6.44 | 10.00 | 3.80 | 5.00 | 10.00 |
| | | **Total (B)** | **478.27** | **1295.00** | **1256.51** | **1788.00** | **2212.00** |
| 10 | Advances | All | 0.00 | 0.10 | 0.00 | 0.00 | 1.00 |
| 11 | Security Deposites | | 288.58 | 100.00 | 147.36 | 200.00 | 200.00 |
| | | **Total (C )** | **288.58** | **100.10** | **147.36** | **200.00** | **201.00** |
| | | **Total (A+B+C)** | **805.58** | **1431.10** | **1427.08** | **2022.00** | **2473.00** |

## Refund of Deposites

| No | Head | Branch | Actual 2018-19 | Budgeted 2019-20 | Actual as on 31/12/2019 | Revised 2019-20 | Budget 2020-21 |
|---|---|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** |
| 1 | Tree Plantation Deposite | Planing | 0.00 | 10.00 | 0.00 | 0.00 | 1.00 |
| 2 | Plot Validation Fees | | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 1.00 |
| | | **Total (A)** | **0.00** | **10.00** | **0.00** | **0.00** | **2.00** |
| 3 | Earnest Money Deposite | Engineering | 17.53 | 300.00 | 161.10 | 300.00 | 302.00 |
| 4 | EWS Deposite | | 0.00 | 10.00 | 10.53 | 20.00 | 20.00 |
| 5 | PMAY Deposite | | 56.40 | 20.00 | 218.70 | 500.00 | 800.00 |
| 6 | LIG Deposite | | 0.00 | 10.00 | 33.20 | 40.00 | 20.00 |
| 7 | Performance Guarantee | | 132.12 | 100.00 | 70.74 | 120.00 | 150.00 |
| 8 | Maintenance Deposite | | 205.90 | 10.00 | 81.00 | 150.00 | 200.00 |
| 9 | Other Deposite | | 0.00 | 0.10 | 9.86 | 20.00 | 20.00 |
| | | **Total (B)** | **411.95** | **450.10** | **585.12** | **1150.00** | **1512.00** |
| 10 | Advances | All | 0.00 | 0.5 | 0 | 0.00 | 1.00 |
| 11 | Security Deposites | | 137.61 | 50 | 29.92 | 40.00 | 50.00 |
| | | **Total (C )** | **137.61** | **50.50** | **29.92** | **40.00** | **51.00** |
| | | **Total (A+B+C)** | **549.56** | **510.60** | **615.04** | **1190.00** | **1565.00** |

## Capital Expenditure

(Rs. In Lakh)

| No | Head | Branch | Actual 2018-19 | Budgeted 2019-20 | Actual as on 31/12/2019 | Revised 2019-20 | Budget 2020-21 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | Road | Engineering | 1486.46 | 3200.93 | 965.43 | 1927.82 | 6000.00 |
| 2 | Ring Road | | 0.00 | 500.00 | 0.00 | 0.00 | 100.00 |
| 3 | Street Light | | 428.51 | 600.00 | 0.00 | 0.00 | 150.00 |
| 4 | Garden Development | | 0.00 | 0.00 | 39.47 | 39.00 | 50.00 |
| 5 | Lake Development | | 0.00 | 300.00 | 0.00 | 0.00 | 100.00 |
| 6 | Drainage Network | | 558.47 | 3605.00 | 589.16 | 948.67 | 1800.00 |
| 7 | Sewage Treatment Plant (STP) | | 1268.53 | 2600.00 | 283.31 | 504.43 | 2840.00 |
| 8 | Drainage Strom Water (Kans) | | 0.00 | 3342.00 | 157.96 | 589.00 | 1450.00 |
| 9 | Solid Waste | | 35.33 | 524.50 | 21.70 | 39.50 | 175.00 |
| 10 | Water Supply | | 1989.70 | 2150.00 | 21.70 | 56.00 | 2535.00 |
| 11 | EWS Housing Project | | 6383.83 | 13208.00 | 3685.99 | 5948.93 | 14542.00 |
| 12 | VUDA Office | | 10.00 | 50.00 | 0.00 | 0.00 | 50.00 |
| 13 | Amenities Expenses | | 0.00 | 100.00 | 0.00 | 0.00 | 0.00 |
| 14 | Betterment Expenses | | 0.00 | 50.00 | 0.00 | 0.00 | 0.00 |
| 15 | Community Center | | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 200.00 |
| | | **Total (A)** | **12160.83** | **30230.43** | **5764.72** | **10053.35** | **29992.00** |
| 16 | Land Acquisation | Administration | 0.31 | 500.00 | 3728.31 | 3728.31 | 435.00 |
| 17 | Wire Fancing Exp | | 0.00 | 10.00 | 0.00 | 0.00 | 500.00 |
| 18 | Purchase of Computers (Hardware & Software) | | 0.00 | 10.00 | 0.00 | 0.00 | 5.00 |
| 19 | Purchase of Furniture | | 0.22 | 5.00 | 1.32 | 1.32 | 10.00 |
| 20 | Purchase of Furniture-TPO | | 0.36 | 5.00 | 0.00 | 0.00 | 1.00 |
| 21 | Purchase of Vehicle | | 0.00 | 15.00 | 0.00 | 0.00 | 10.00 |
| 22 | Purchase of Machinery | | 0.00 | 125.00 | 0.00 | 0.00 | 20.00 |
| | | **Total (B)** | **0.88** | **670** | **3729.63** | **3729.63** | **981** |
| 23 | Income Tax Payable | Account | 373.33 | 551.33 | 0.32 | 340 | 350 |
| | | **Total (C )** | **373.33** | **551.33** | **0.32** | **340** | **350** |
| | | **Total (A+B+C)** | **12535.04** | **31451.76** | **9494.67** | **14122.98** | **31323.00** |

## Revenue Expenditure

(Rs. In Lakh)

| No | Head | Branch | Actual 2018-19 | Budgeted 2019-20 | Actual as on 31/12/2019 | Revised 2019-20 | Budget 2020-21 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | Development Plan Expenses | Planing | 0.00 | 50.00 | 0.00 | 10.00 | 20.00 |
| 2 | GIS System Expenses | | 3.65 | 0.50 | 0.00 | 15.00 | 50.00 |
| 3 | TP Scheme Expenses | | 21.61 | 25.00 | 0.00 | 5.00 | 10.00 |
| 4 | TP Scheme Mehakam | | 0.00 | 70.00 | 0.00 | 0.00 | 70.00 |
| 5 | Measurement Exp | | 86.55 | 30.00 | 28.79 | 45.00 | 50.00 |
| 6 | Implementation of Sanctioned TP Scheme & Demarcation Expenses | | 0.00 | 30.00 | 0.00 | 2.50 | 20.00 |
| 7 | Payment FSI(GME) To Be Given To ULB | | 0.00 | 0.00 | 0.00 | 1.00 | 12.50 |
| | | **Total (A)** | **111.81** | **205.50** | **28.79** | **78.50** | **232.50** |
| 8 | Common Maintenance Exp - VUDA (Electricity, Security, Lift, Gardening) | Engineering | 10.00 | 10.00 | 5.00 | 10.00 | 10.00 |
| 8 | PMAY Expenses | | 0.65 | 50.00 | 0.00 | 10.00 | 10.00 |
| 10 | Electrical Exp | | 0.46 | 1.00 | 0.70 | 1.00 | 1.00 |
| 11 | RERA EXPENSES | | 3.70 | 3.00 | 2.74 | 3.00 | 3.00 |
| | | **Total (B)** | **14.80** | **64.00** | **8.44** | **24.00** | **24.00** |
| 12 | Insurance Premium-Building, Fire safety | Administration | 0.00 | 10.00 | 0.00 | 0.00 | 1.00 |
| 13 | Insurance Premium-Vehicle | | 1.02 | 0.85 | 0.49 | 0.75 | 1.00 |
| 14 | Books & Periodicals Exp | | 0.08 | 0.09 | 0.04 | 0.05 | 0.50 |
| 15 | Cleaning & Washing Exp | | 0.05 | 0.75 | 0.17 | 0.27 | 0.50 |
| 16 | Computer, Printer & Plotter Exp | | 2.03 | 4.00 | 2.72 | 3.22 | 5.00 |
| 17 | Electricity & Power | | 7.01 | 9.50 | 5.51 | 17.50 | 20.00 |
| 18 | Hire Charges - Machinery | | 0.00 | 6.00 | 8.30 | 10.10 | 12.00 |
| 19 | Hire Charges - Machinery-TPO | | 0.00 | 4.00 | 3.26 | 3.56 | 5.00 |
| 20 | Hire Charges - Vehicle | | 3.71 | 3.60 | 3.56 | 8.26 | 11.00 |
| 21 | Hire Charges - Vehicle-TPO | | 0.00 | 10.50 | 7.38 | 9.38 | 13.00 |
| 22 | Hospitality Exp / Sarbhara Exp | | 3.88 | 2.70 | 2.01 | 2.13 | 4.00 |
| 23 | Internet Exp | | 0.65 | 0.85 | 0.10 | 0.85 | 1.00 |
| 24 | Mobile & Telephone Exp | | 2.01 | 1.80 | 0.93 | 1.13 | 1.50 |
| 25 | Postage & Communication Charges | | 0.35 | 1.00 | 0.38 | 0.50 | 1.00 |
| 26 | Printing & Stationery Exp | | 3.90 | 9.00 | 5.17 | 7.17 | 12.00 |
| 27 | Printing & Stationery Exp-TPO | | 0.00 | 5.00 | 0.00 | 0.50 | 2.00 |
| 28 | CCTV | | 0.00 | 1.00 | 0.00 | 0.00 | 5.00 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 29 | Repairs & Maintenance Exp - Machineries | | 0.93 | 1.00 | 1.19 | 1.70 | 2.00 |
| 30 | Repairs & Maintenance Exp - Vehicle | | 2.22 | 5.00 | 1.06 | 1.50 | 2.00 |
| 31 | Security (Manpower & Police) Exp | | 24.09 | 23.00 | 6.52 | 9.50 | 12.00 |
| 32 | Travelling & Conveyance Exp | | 0.95 | 2.50 | 1.30 | 1.50 | 2.00 |
| 33 | Vehicle Running & Maintenance Exp - Petrol / Diesel / Toll Tax | | 4.89 | 7.80 | 2.96 | 3.50 | 4.00 |
| 34 | Zerox Exp | | 2.95 | 4.90 | 5.53 | 6.00 | 5.00 |
| 35 | Outsourcing Expenses | | 79.76 | 102.00 | 67.40 | 95.40 | 115.00 |
| 36 | Outsourcing Expenses-TPO | | 0.00 | 12.00 | 32.19 | 36.19 | 40.00 |
| 37 | Land Revenue | | 0.00 | 2.00 | 0.00 | 0.00 | 1.00 |
| 38 | Municipal Tax | | 15.45 | 17.00 | 13.47 | 13.47 | 15.00 |
| | | **Total (C )** | **155.91** | **247.84** | **171.61** | **234.13** | **293.50** |
| 39 | Salary & Allowances | Account | 169.87 | 560.00 | 154.88 | 200.00 | 200.00 |
| 40 | CPF Withdrawal | | 0.00 | 15.00 | 0.00 | 0 | 0.00 |
| 41 | Audit Fee - A.G. | | 1.11 | 1.15 | 3.34 | 3.34 | 1.15 |
| 42 | Audit Fee - C.A. | | 2.54 | 0.95 | 1.22 | 1.23 | 1.20 |
| 43 | Consulatation Charges | | 0.00 | 0.70 | 0.18 | 0.18 | 1.00 |
| 44 | Bank Charges | | 0.14 | 0.12 | 0.13 | 0.16 | 2.00 |
| 45 | Taxes (GST, GST-TDS, Income Tax-TDS, Labour Cess) | | 444.12 | 675.00 | 292.33 | 400 | 350.00 |
| | | **Total (D)** | **617.78** | **1252.92** | **452.08** | **604.91** | **555.35** |
| 46 | Rent | ALL | 0.00 | 0.75 | 0.00 | 0.00 | 0.00 |
| 47 | Legal Professional Charges / Fees | | 13.85 | 26.00 | 2.70 | 5.70 | 15.00 |
| 48 | Advertisement & Publicity Exp | | 6.08 | 35.00 | 23.66 | 30.50 | 20.00 |
| 49 | MISC EXPENSES | | 0.61 | 25.00 | 1.25 | 5.00 | 10.00 |
| | | **Total (E)** | **20.54** | **86.75** | **27.61** | **41.20** | **45.00** |
| | | **Total (A+B+C+D+E)** | **920.84** | **1857.01** | **688.53** | **982.74** | **1150.35** |

મુદ્દા નંબર:(૬) કલમ-**271(1) (C)** ઇન્કમટેક્ષ ખાતામા અપીલ કરવા સી.એ.ની નિમણૂક કરવા તથા સી.એ.ના ભાવપત્રક ને મંજુરી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઇન્કમટેક્ષ એકટની જોગવાઇ અનુસાર નિયત સમયમર્યાદામાં ત્રિમાસિક તથા વાર્ષિક પત્રકો ભરવામાં આવે છે. ઇન્કમટેક્ષ દ્વારા જુદી જુદી કલમ અન્વયે કાર્યવાહી કરવામાં આવેલ છે જેમ **Regular Demand, Demand under Sec-154, Demand of penalty under Ses-271(1) (c).** ઇન્કમટેક્ષની આ બધી જુદી જુદી કલમો અન્વયે જુદી જુદી લીગલ પ્રોસેસ કરવાની થાય છે. **A.Y-2009-10** થી **2014-15** માં **Regular Tax Demand** અંગેના કેસોમાં **ITAT** વુડાની તરફેણમાં ચુકાદો આવેલ છે. **Demand Under Sec-154** અન્વયેના **Rectification Order** અંગેના આદેશો સામે પણ વુડા દ્વારા અપીલો કરવામાં આવેલ છે. પરંતુ હાલમાં વડોદરા શહેરી વિકાસ સત્તામંડળનું ઇન્કમટેક્ષનું ઓનલાઇન એકાઉન્ટ તપાસ કરતા જાણવા મળેલ કે ઇન્કમટેક્ષ ખાતા દ્વારા નીચે મુજબના આકારણી વર્ષો માટે કલમ-**271 (1) (C)(penalty for Concealment Of particulars of income or fringe benefits or furnishing of inaccurate particulars of income or fringe benefits)** અન્વયે **Demand** ઉભી કરવામાં આવેલ છે.આ બાબતે ઇન્કમટેક્ષ ખાતા દ્વારા કોઇ લેખિત નોટીસ કે આદેશ આજ દિન સુધી વુડાની હિસાબીશાખાને મળેલ નથી. જેની વિગતો નીચે મુજબની છે.

| A.Y | Section Code | Date | Amount |
|---|---|---|---|
| 2009-10 | 271(1)(C) | 27/03/2019 | 91,31,693/- |
| 2011-12 | 271(1)(C) | 27/03/2019 | 80,90,160/- |
| 2012-13 | 271(1)(C) | 27/03/2019 | 10,45,77,384/- |
| 2013-14 | 271(1)(C) | 28/03/2019 | 10,45,77,384/- |
| 2014-15 | 271(1)(C) | 28/03/2019 | 7,97,59,946/- |
| | | Total | 30,61,36,567/- |

ઉપરોક્ત બાબતે **C.A.** ને પૃચ્છા કરતા તેઓએ આ **Demand** સામે **CIT** અપીલ કરવા જણાવેલ છે. ઉપરોક્ત હકીકત ધ્યાને લઇ નીચે મુજબના નિર્ણયો અંગે સાદર.

(૧) ઉપરોક્ત આકારણી વર્ષોમાં **CIT** માં અપીલ કરવી કે કેમ ?

(૨) **CIT** અપીલમાં જવા માટે વુડાના જે તે વર્ષના **CA** શ્રી કે.કે.પરીખને સમસ્ત કેસ ના જાણકાર હોય એમને આ કેસો માટે નિમણૂક આપવા. તથા **CA** શ્રી કે.કે.પરીખ એન્ડ કું. ના તા.૦૬/03/૨૦૨૦ ના ભાવપત્રક મુજબ પ્રતિ વર્ષ અપીલના રૂ.૪0000/- + **GST** મુજબ કુલ રૂ.૨,00,000/- **+ GST** ભાવપત્રકને મંજુરી આપવા.

ઠરાવ ક્રમાંક ( ૨૬૮૫) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના આકારણી વર્ષ ૨૦૦૯-૧૦, ૨૦૧૧-૨૦૧૨, ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ ના વર્ષના IT Act ની કલમ-271 (1) (C) અન્વયેના આદેશો સામે CIT માં આપીલ કરવા બોર્ડ સર્વાનુમતે મંજુરી આપેલ છે. તેમજ સદરહું કેસોમાં સત્તામંડળ વતી C.A. શ્રી કે.કે. પરીખને તેમના તા.0૬/03/૨૦૨૦ ના ભાવપત્રક મુજબ પ્રતિ વર્ષ અપીલના રૂ.૪૦,000/- + GST મળી કુલ રૂ.૨,00,000/- + GST સહિતનુ ભાવપત્રક સર્વાનુમતે મંજુર કરેલ છે. અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નં. (૭ ): વુડા વિસ્તારમાં આર.સી.સી. ની પાકી કાંસ બનાવવાની કામગીરી માટે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી પરત્વે આર.સી.સી. ની પાકી કાંસ કામગીરી માટે નીચે દર્શાવ્યાનુસાર વુડા બોર્ડની મંજુરી પરત્વે વુડામાં એમ્પેનલ્ડ એજન્સીઓ પૈકી બે એજન્સી જયેશ એ. દલાલ, સુરત અને સ્થપતી ડીઝાઈનર્સ એન્ડ કન્સલટન્ટસ પ્રા.લી., નવસારી પાસે સર્વે કરાવી અંદાજો બનાવવાની કામગીરી સોંપી અંદાજો તૈયાર કરાવેલ છે. તથા રૂ. ૧૯.૩૯ કરોડના આ અંદાજો અન્વયે વુડાની ટી.એસ. કમીટી મારફત તાંત્રિક મંજુરી મેળવી બાંધકામની કામગીરી માટે ઈજારદારો નક્કી કરવા ઓનલાઈન ટેન્ડરીંગથી ભાવો મંગાવેલ હતા. જે પરત્વે નીચે મુજબ ટેન્ડર મળેલ હતા.

| અનુ.નં. | કામની વિગત | બોર્ડ બેઠક નંબર અને ઠરાવ ક્રમાંક નંબર | મળેલ ટેન્ડર ઓફરોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ઉંડેરા તળાવથી લક્ષ્મીપુરા તળાવ સુધી પસાર થતી કાંચી કાંસને આર.સી.સી. ની પાકી કાંસ બનાવવાની કામગીરી. તા.જી. વડોદરા. | બોર્ડ બેઠક નં. ૨૩૯, ઠરાવ ક્રમાંક નં. ૨૫૭૧ | ૦૨ |
| ૨. | ભાયલી ગામના તળાવથી લઈ ભાયલી સ્કીમ નં. ૫ ના બળિયાદેવ મંદિર સુધી આર.સી.સી કાંસ બનાવવાની કામગીરી. તા.જી. વડોદરા. | | ૦૨ |

સદર ટેન્ડરોની ટેકનીકલ બીડ નિયત સમયે ખોલવામાં આવેલ. જેની પી.એમ.સી મારફત ચકાસણી કરી ઉકત એજન્સીઓ ક્વોલીફાઈ થતા પ્રાઈઝબીડ ખોલવામાં આવેલ હતા. જે પરત્વે મળેલ ભાવોની વિગતો ટેન્ડર કમીટી સમક્ષ રજુ કરતા ટેન્ડર કમીટી દ્વારા L1 એજન્સીઓ દ્વારા ભરેલ ઓફરો મુજબ કામગીરી સોંપવા નિર્ણય કરેલ છે. સૌથી ઓછા ભાવ ભરેલ L1 એજન્સી તથા તે કામગીરી માટે નક્કી થયેલ પી.એમ.સી સહિતની વિગત નીચે મુજબ છે.

| અનુ.નં. | કામની વિગત | પી.એમ.સી. નું નામ | ઇજારદારશ્રી નું નામ (L1) |
|---|---|---|---|
| ૧. | ઉંડેરા તળાવથી લક્ષ્મીપુરા તળાવ સુધી પસાર થતી કાંચી કાંસને આર.સી.સી. ની પાકી કાંસ બનાવવાની કામગીરી. તા.જી. વડોદરા. | સ્થપતી ડીઝાઈનર્સ એન્ડ કન્સલટન્ટસ પ્રા.લી., નવસારી | શિવમ કન્સ્ટ્રકશન કું.,વડોદરા |
| ૨. | ભાયલી ગામના તળાવથી લઈ ભાયલી સ્કીમ નં. ૫ ના બળિયાદેવ મંદિર સુધી આર.સી.સી કાંસ બનાવવાની કામગીરી. તા.જી. વડોદરા. | જયેશ એ. દલાલ, સુરત | મે. સૌરભ બિલ્ડર્સ, અમદાવાદ |

ઉપરોકત વિગતે થયેલ ટેન્ડર પ્રક્રિયાથી નક્કી કરેલ ઈજારદારો તથા આ કામગીરીના સુપરવિઝન માટે નક્કી કરેલ પી.એમ.સી ને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા થયેલ કાર્યવાહીને બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક નં. (૨૬૮૬) : વુડા દ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત ઉંડેરા તળાવથી લક્ષ્મીપુરા તળાવ સુધીના આર.સી.સી. કાંસ તથા ભાયલી ગામના તળાવથી બળિયાદેવ મંદિર સુધીના આર.સી.સી કાંસ બનાવવાની કામગીરી માટેનિયત ટેન્ડર પ્રક્રિયાથી નક્કી કરેલ ઈજારદારશ્રીઓની કાર્યવાહીને તથા કામગીરી માટે નક્કી કરેલ પી.એમ.સી. ની નિમણૂકને બહાલી આપવા તથા આ બન્ને કામગીરીમાં આગામી ચોમાસા બાદ કામગીરી કરાવવા અંગે સમીક્ષા કરી વર્ક ઓર્ડર આપવા તથા આ અંગે આગળની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નં. (૮ ): સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે વર્ષ ૨૦૧૯-૨૦ ના લક્ષ્યાંક પરત્વે **EWS-II** ના આવાસો માટે થયેલ ટેન્ડર પ્રક્રિયા બાબત.

સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ તથા ઓછી આવક ધરાવતા લોકો માટે ના આવાસો બનાવવા આપેલ વર્ષ ૨૦૧૯-૨૦ ના લક્ષ્યાંક પરત્વે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. ૧૨૭ તથા બીલ ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. ૬૭ ખાતે ઈ.ડબલ્યુ.એસ-૨ ના આવાસો બનાવવાનું આયોજન કરેલ છે. જેમાં પ્લોટોની પસંદગીને વુડા બોર્ડ બેઠક ૨૪૧ ના ઠરાવ ક્રમાંક નં. ૨૬૩૯ થી મંજુરી મળેલ છે તથા થયેલ ઠરાવ મુજબ એ.એચ.એમ એમ્પેનલ્ડ PMC એજન્સીઓ પૈકી બે એજન્સી ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર અને જયેશ એ. દલાલ ને ડી.પી.આર બનાવવાની કામગીરી સોંપી ડી.પી.આર તૈયાર કરાવેલ છે. જેમાં કુલ ૨ પ્લોટોમાં એ.એચ.એમ એમ્પેનલ્ડ આર્કીટેકટ જયેશ એ. દલાલ, સુરત તથા સ્થપતી ડીઝાઈનર્સ એન્ડ કન્સલટન્ટસ પ્રા.લી., નવસારી પાસે કરાવેલ પ્લાનીંગ પ્રમાણે કુલ ૧૦૨૬ આવાસો બનાવવા માટે લગભગ રૂ. ૯૧.૪૪ કરોડના ખર્ચના ડી.પી.આર ને સરકારશ્રી માં રજુ કરતા રાજય સરકાર તથા કેન્દ્ર સરકારશ્રીની કમીટીએ મંજુર કરેલ છે તથા રૂ. ૯૧.૪૪ કરોડના અંદાજોને વુડાની ટી.એસ. કમીટી મારફત તાંત્રિક મંજુરી મેળવી બાંધકામની કામગીરી માટે ઈજારદારો નક્કી કરવા ઓનલાઈન ટેન્ડરીંગથી ભાવો મંગાવેલ હતા. જે પરત્વે નીચે મુજબ ટેન્ડર મળેલ હતા.

| અનુ.નં | ગામ | ટી.પી.સ્કીમ નંબર | એફ.પી. નંબર | મળેલ ટેન્ડર ઓફરની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ખાનપુર-સેવાસી | ૧ | ૧૨૭ | ૦૩ |
| ૨ | બીલ | ૧ | ૬૭ | ૦૫ |

સદર ટેન્ડરોની ટેકનીકલ બીડ નિયત સમયે ખોલવામાં આવેલ. જેની પી.એમ.સી મારફત ચકાસણી કરી ઉકત એજન્સીઓ ક્વોલીફાઈ થતા પ્રાઈઝબીડ ખોલવામાં આવેલ હતા. જે પરત્વે મળેલ ભાવોની વિગતો ટેન્ડર કમીટી સમક્ષ રજુ કરતા ટેન્ડર કમીટી દ્વારા L1 એજન્સીઓ દ્વારા ભરેલ ઓફરો મુજબ કામગીરી સોંપવા નિર્ણય કરેલ છે. સૌથી ઓછા ભાવ ભરેલ L1 એજન્સી તથા તે કામગીરી માટે નક્કી થયેલ પી.એમ.સી સહિતની વિગત નીચે મુજબ છે.

| અનુ નં | ગામ | એફ.પી. ન. | પી.એમ.સી. નું નામ | ઇજારદાર શ્રી નું નામ (L1) |
|---|---|---|---|---|
| ૧ | ખાનપુર-સેવાસી | ૧૨૭ | ધવલ એન્જીનીયર્સ, | શ્રીજીકૃપા પ્રોજેકટ લીમીટેડ, રાજકોટ |
| ૨ | બીલ | ૬૭ | જયેશ એ. દલાલ , | રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી. |

ઉપરોકત વિગતે થયેલ ટેન્ડર પ્રક્રિયાથી નક્કી કરેલ ઈજારદારો તથા આ કામગીરીના સુપરવિઝન માટે નક્કી કરેલ પી.એમ.સી ને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સર્વ સભશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા થયેલ કાર્યવાહીને બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક નં. (૨૬૮૭) : સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. ૧૨૭ તથા બીલ ટી.પી. સ્કીમ નં. ૧ એફ.પી. ૬૭ ખાતે ઈ.ડબલ્યુ.એસ-૨ પ્રકારના આવાસો બનાવવા નિયત ટેન્ડર પ્રક્રિયાથી નક્કી કરેલ ઈજારદારશ્રીઓ માટેની કાર્યવાહીને તથા આ કામગીરી માટે નક્કી કરેલ પી.એમ.સી ની નિમણુંકને બહાલી આપવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૯ ): વુડા વિસ્તારમાં મોજે કોટાલી-અજીતપુરા-હંસાપુરા-શાહપુરા-ધનયાવી-હાંસજીપુરાની ગ્રામ પંચાયતોને ઘન કચરાના નિકાલ માટે ઈ-રીક્ષા આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં ગામની આજુબાજુમાં નોન ટી.પી વિસ્તારમાં રહેણાંક વિકાસ થયેલ છે. આ ગામોની આજુબાજુ થયેલ વિકાસને કારણે વસવાટ વધતા ઉત્પન્ન થતા ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો પાસે પુરતા સાધનો ન હોવાને કારણે આ ઘન-કચરાના નિકાલ માટે ગ્રામ પંચાયતો દ્વારા ઈ-રીક્ષાની માંગણી કરવામાં આવે છે. જેમાં ગ્રામ પંચાયતની માંગણી પરત્વે વુડા બોર્ડની મંજુરી બાદ ઈ-રીક્ષાની ફાળવણી કરવામાં આવે છે. જે મુજબ અત્યાર સુધી ૧૮ ગ્રામ પંચાયતોને ૬૮ ઈ-રીક્ષાઓ ફાળવવા નિર્ણય લેવાયેલ છે. જે પૈકી ૪૭ ઈ-રીક્ષાઓની ફાળવણી કરેલ છે તથા ૨૧ ઈ-રીક્ષાઓ માટે એજન્સીને વર્ક ઓર્ડર આપેલ છે. હવે કોટાલી ગ્રામ પંચાયત ધ્વારા ૦૩ ઈ-રીક્ષા, અજીતપુરા ગ્રામ પંચાયત ધ્વારા ૦૧ ઈ-રીક્ષા, હંસાપુરા ગ્રામ પંચાયત ધ્વારા ૦૧ ઈ-રીક્ષા, શાહપુરા ગ્રામ પંચાયત ધ્વારા ૦૧ ઈ-રીક્ષા, ધનયાવી ગ્રામ પંચાયત ધ્વારા ૦૧ ઈ-રીક્ષા અને હંસાજીપુરા ગ્રામ પંચાયત દ્વારા ૦૧ ઈ-રીક્ષા મળી કુલ ૦૮ ઈ-રીક્ષા ફાળવી આપવાની રજુઆત જેતે ગ્રામ પંચાયતો દ્વારા ઠરાવ સાથે વુડાને મળેલ છે. વુડા ધ્વારા ટેન્ડર પ્રક્રિયા કરી ઈ-રીક્ષાના નક્કી કરેલ ભાવો મુજબ ૪૭ ઈ-રીક્ષાની ખરીદી કરી જેતે ગ્રામ પંચાયતોને સોપવામાં આવેલ છે તથા ગત બોર્ડમાં મંજુર થયેલ ૨૧ ઈ-રીક્ષાના વર્ક ઓર્ડર આપેલ છે. જે આવ્યેથી જેતે ગ્રામ પંચાયતને ફાળવવામાં આવનાર છે. જે ધ્યાને લઈ ટેન્ડરથી મંજુર થયેલ રૂ.૧,૪૬,૦૦૦/- પ્રતિ ઈ-રીક્ષાના ભાવે કોટાલી-અજીતપુરા-હંસાપુરા-શાહપુરા-ધનયાવી-હાંસજીપુરા ગ્રામ પંચાયતોની કુલ ૦૮ ઈ-રીક્ષાની માંગણી પરત્વે ખરીદી કરી મરામત અને નિભાવણી જેતે ગ્રામ પંચાયત ધ્વારા કરવાની શરતે ફાળવણી કરવા તથા તે અંગે થનાર ખર્ચની મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા અગાઉ આપેલ ઈ-રીક્ષાઓ ગ્રામ પંચાયતો દ્વારા વપરાશમાં લેવામાં આવે છે કે કેમ તે અંગે ચકાસણી કરવા સર્વ સભ્યશ્રીઓનું મંતવ્ય હતુ. માંગણી સામે કોટાલીને-૦૩, અજીતપુરાને-૦૧, હંસાપુરાને-૦૧, શાહપુરાને-૦૧, ધનયાવીને-૦૧ તથા હાંસજીપુરાને-૦૧ ઈ-રીક્ષા મળી કુલ-૮ ઈ-રીક્ષા ફાળવવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૬૮૮) : વુડા વિસ્તારમાં મોજે કોટાલી-અજીતપુરા-હંસાપુરા-શાહપુરા-ધનયાવી-હાંસજીપુરામાં આવેલ ટીપી/નોનટીપી વિસ્તારના રોજબરોજના ઘનકચરાના નિકાલ માટે આ ગ્રામ પંચાયતોની માંગણી મુજબની કુલ ૦૮ ઈ-રીક્ષાની ખરીદી કરવાના ખર્ચને મંજુરી આપવા તથા આ ગ્રામ પંચાયતોને માંગેલ ઈ-રીક્ષાની ફાળવણી કરી મરામત અને જાળવણી ગ્રામપંચાયતો દ્વારા કરવામાં આવે તે અંગે જરૂરી કરાર કરી સોંપણી કરવાની કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નં.(૧૦): અટલાદરાના તા.જી. વડોદરાના સ.નં.૪૮, ફા.પ્લોટ.નં.૫૨, ટી.પી.સ્કીમ નં.૨૮ (અટલાદરા) ખાતે **MKRS** આવાસ યોજનાના, માધવનગર ખાતે પી.પી.પી.+ટર્ન-કી ધોરણે પાર્સલ-એ હેઠળની જમીનમાં વુડાની માલીકીના ૭૨૪-આવાસો તથા ૧૫-વાણિજયક દુકાનોના બાંધકામની **GST**ની રકમ આપવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, મોજે અટલાદરાના તા.જી. વડોદરાના સ.ન.૪૮, ફા.પ્લોટ.નં.૫૨, ટી.પી.સ્કીમ.નં.૨૮ (અટલાદરા)ખાતે **MKRS** આવાસ યોજનાના, માધવનગર ખાતે પી.પી.પી.+ટર્ન-કી ધોરણે પાર્સલ-એ હેઠળની જમીનમાં વુડાની માલીકીના ૭૨૪-આવાસો તથા ૧૫-વાણિજયક દુકાનો બાંધકામ માટે માનવ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી અમદાવાદને તા.૧૭/૧૨/૨૦૧૬ ના રોજ વર્કઓર્ડર આપવામાં આવેલ હતો. સદર બાંધકામ અંગેની કામગીરી તેઓ ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. પરંતુ તા.૦૧/૦૭/૨૦૧૭ ના રોજથી **GST**નું અમલીકરણ કરવામાં આવેલ હોઇ, **GST**વિભાગ ધ્વારા આ પ્રોજેકટ માટે **GST** ભરપાઇ કરાવેલ હોવાથી માનવ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી ધ્વારા ટેન્ડરના કલોઝ નં.૩૧ અને ૩૨ માં દર્શવ્યાનુસાર **GST**ની રકમની માંગણી કરેલ છે. તથા **DGGI** ના તા.૨૨/૦૮/૨૦૧૯ ના પત્રની નકલ, **GSTR-3B** તથા ચૂકવેલ રકમની **DGGI** ના સિકકાવાળી રસીદ અત્રેની કચેરીને પાઠવવામાં આવેલ છે. આથી અત્રેથી **DGGI** ને સદર પત્રની ચકાસણી કરવા માટે પત્ર પાઠવવામાં આવતા **DGGI** ધ્વારા તા.૨૨/૦૩/૨૦૨૦ ના પત્રથી મોજે અટલાદરા ખાતેના **MKRS** પ્રોજેકટની કુલ ટેક્ષેબલ રૂા.૪૨,૦૧,૩૩,૩૩૩/- ની રકમ પર રૂા.૪,૫૦,૧૪,૨૮૬/- ચૂકવવાપાત્ર હોવાનું તથા તેઓએ આ રકમ ભરપાઇ કરેલ હોવાનું જણાવેલ છે. મૂળ ટેન્ડરના કલોઝ નં.૩૧ અને ૩૨ મુજબ સેલ્સટેક્ષ/વેટ (સવિસટેક્ષ સિવાય) કોન્ટ્રાકટર ધ્વારા ભરવાનો થતો હતો. પરંતુ કોન્ટ્રાકટર ધ્વારા સવિસટેક્ષ ભરવામાં આવે તે વુડા ધ્વારા મજરે આપવાનો થતો હતો. અગાઉ વેટ અને સવિસટેક્ષ અલગ રીતે લેવામાં આવતો હતો. પરંતુ તા.૦૧/૦૭/૨૦૧૭ થી **GST** નો અમલ થતા બંન્નેનો સમાવેશ **GST** માં કરવામાં આવેલ છે. સરકારશ્રીની પોલીસી મુજબ પીપીપી મોડેલ હેઠળ બનાવવામાં આવતી આવાસ યોજનાઓમાં ઇજારદાર શ્રી ધ્વારા વેટ કે સવિસટેક્ષ ભરપાઇ કરવાનો થતો ન હતો. પરંતુ **GST** અંગેના નિયમો જોતા તેઓને **GST** ની રકમ ભરપાઇ કરવી પડેલ છે. આથી તેઓ ધ્વારા ભરેલ **GST** ની પૂરેપૂરી રકમ રૂા.૪,૫૦,૧૪,૨૮૬/- મજરે આપવા વુડાને જણાવેલ છે. જે અંગેનો મુદો વુડા બોર્ડ બેઠક સમક્ષ ચર્ચા-વિચારણા તથા નિર્ણય અંગે સાદર રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા આ અંગે ઇજારદારશ્રી ધ્વારા થયેલ ખર્ચ પરત્વે ચૂકવેલ **GST** ની રકમ તથા તે પરત્વે ટેન્ડરના નિયમ મુજબ ભરવાના થતા ટેક્ષની વિગત અને **GST** તરફથી મળેલ ઇન્પૂટ ક્રેડીટની વિગતો તેઓ મેળવી, ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રીનો લીગલ અભિપ્રાય મેળવી આગામી બોર્ડ બેઠકમાં રજુ કરવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

<u>ઠરાવ ક્રમાંક (૨૬૮૯) :</u> અટલાદરાના તા.જી. વડોદરાના સ.ન.૪૮, ફા.પ્લોટ.નં.૫૨, ટી.પી.સ્કીમ.નં.૨૮ (અટલાદરા) ખાતે **MKRS** આવાસ યોજનાના ઇજારદારશ્રી ધ્વારા **GST** ની રકમ સરભર કરવા કરેલ માંગણી પરત્વે તેઓ ભરેલ **GST** ની રકમ પરત્વે વધુ વિગતો જેવી કે ટેન્ડર મુજબ તેઓને ભરવાને થતી વેટની રકમ, તેઓ ધ્વારા મેળવેલ **GST** તરફથી મળેલ ઇન્પૂટ ક્રેડીટની રકમ મેળવી ખરેખર ચૂકવવા પાત્ર રકમ નકકી કરાવી આવુ ચુકવણું કરવા માટે ટેન્ડરની શરતો પરત્વે ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી **/GST** કન્સલટન્ટનો લીગલ અભિપ્રાય મેળવી આગામી બોર્ડ બેઠકમાં મુદદો રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**અધ્યક્ષ સ્થાનેથી :**

મુદ્દાનંબર : (૧): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મોજે વેમાલી પરત્વેની મંજુર અને અમલી વિકાસ યોજનાની દરખાસ્ત તથા આખરી મંજુર નગર રચના યોજના નં.૧ ની મંજુર અને આખરી દરખાસ્તમાં રહેલ વિસંગતતા બાબત.

મોજે વેમાલી, નગર રચના યોજના નં. ૧, અંતિમ ખંડ નં. ૧૮૮ ના જમીન માલીક દ્વારા વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં સદરહું જમીનમાં રહેણાંક તથા વાણીજ્ય હેતુના બાંધકામ માટે વિકાસ પરવાનગી મેળવવા અર્થે તા. ૧૫/૦૪/૨૦૧૯ ના રોજ અરજી કરાયેલ, જે સંદર્ભે પ્રકરણની વિગતવાર ચકાસણી કરતાં અત્રેની પ્રવર્તમાન દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના તથા નગર રચના યોજનાની દરખાસ્તમાં વિસંગતતા ધ્યાને પડેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની પ્રવર્તમાન દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના સરકારશ્રીના તા.૧૮/૦૧/૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૧ ઓફ ૨૦૧૨/ડીવીપી-૧૨૧૧-એમ.૪૫૨-એલ થી અમલમાં આવેલ, જે મુજબ મોજે વેમાલી અંતિમ ખંડ નં.૧૮૮ ની ઉત્તરે નેશનલ હાઈવેને સમાંતર ૧૨.૦ મી. પહોળાઈનો રસ્તો તથા દક્ષિણે થી ૧૨.૦ મી. પહોળાઈનો જાહેર રસ્તો દર્શાવેલ છે. જ્યારે મોજે વેમાલી, નગર રચના યોજના નં. ૧ કે જે નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ હેઠળ તા.૨૪/૦૫/૨૦૦૬ ના રોજ પ્રારંભિક મંજુર થઈ અમલમાં આવેલ છે, તે મુજબ અંતિમ ખંડ નં. ૧૮૮ વાળી જમીનની દક્ષિણેથી ૧૨.૦ મી. પહોળાઈનો જાહેર રસ્તો દર્શાવેલ છે.

સદરહું વિસંગતતાના કારણે અંતિમ ખંડના માપો તથા ક્ષેત્રફળ ફેરફારને પાત્ર હોય તથા તે મુજબ લાગુ પ્રવર્તમાન સીજીડીસીઆરના નિયમો નક્કી કરાતા હોઈ અત્રેથી વિકાસ પરવાનગી આપી શકાયેલ નથી. વધુમાં ઉપરોકત વિસંગતતાની અસર મોજે વેમાલી, નગર રચના યોજના નં.૧ ના અન્ય અંતિમ ખંડો જેવા કે નં. ૧૮૩ થી ૧૯૫ વિગેરેને પણ થાય છે. જે પ્રથમ દ્રષ્ટિ એ એક પ્રાવેધિક ક્ષતિ હોય તેમ જણાય છે.

સદરહું વિસંગતતાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ (૧૯) હેઠળ વુડાની પ્રવર્તમાન દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તમાં ફેરફાર કરી, મંજુર પ્રારંભિક નગર રચના યોજના નં. ૧ વેમાલીની દરખાસ્ત મુજબ કરી શકાય અથવા પ્રવર્તમાન દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્ત મુજબ નગર રચના યોજના નં. ૧ (વેમાલી) ની દરખાસ્તમાં સુધારો કરવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૭૦ હેઠળ વેરીડ સ્કીમ બનાવી અંતિમ ખંડ નં. ૧૮૩ થી ૧૯૫ વિગેરેના ક્લસ્ટરનુ પુન: આયોજન કરવાનુ થાય. વધુમાં અત્રે નોંધનીય છે, વુડાની વિકાસ યોજના તૃતીય પુનરાવર્તીત કરવાની કામગીરી હાલમાં વુડા દ્વારા હાથ ધરાયેલ છે.

ઉક્ત તમામ વિગતો ધ્યાને લઈ, સદરહું વિસંગતતાને સુધારવા અંગે કરવાની થતી કાર્યવાહી નો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૬૯૦) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મોજે વેમાલી પરત્વેની મંજુર અને અમલી વિકાસ યોજનાની દરખાસ્ત તથા આખરી મંજુર નગર રચના યોજના નં.૧ (વેમાલી) અંતિમ ખંડ નં. ૧૮૩ થી ૧૮૫ વિગેરેની ઉત્તરેથી પસાર થતા ૧૨.૦ મી. પહોળાઈના ડી.પી. રોડને રદ કરી તેમાથી મુક્ત થતી જમીનોને લાગુ ઝોનમાં સ્થીત કરવા અને સદર સર્વે નંબરમાંથી દક્ષિણેથી પસાર થતા ટી.પી. સ્કીમના ૧૨.૦ મી. રસ્તાને લાગુ રીસ્ટ્રીકટેડ ઝોનમાંથી પસર થતા ૧૨.૦ મી. પહોળાઈના સુચિત રસ્તા સાથે મેળવી સમગ્ર રસ્તાની રી.અલાઈમેન્ટ કરવા અને તેને અનુસાંગીક કરવા પડતા ઝોન ફેરફાર અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ (૧૯) હેઠળ વુડાની પ્રવર્તમાન દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તમાં ફેરફાર કરવાનુ ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

સભ્ય - સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા